| | |
|---|---|
| દાખલ કર્યા તા. | ૧૮/૧૨/૨૦૨૧ |
| રજી. કર્યા તા. | ૧૮/૧૨/૨૦૨૧ |
| ફેંસલ કર્યા તા. | ૧૭/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૪ ૦૬ ૨૯ |

**પારડીના મહે. પ્રિન્સીપાલ જ્યુડિ.મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં,**

**મુ.પારડી**

**ફો.કે.નં.૩૨૪૬/૨૦૨૧**

**આંક–**

ફરીયાદી : સરકારશ્રી

**વિરૂધ્ધ**

આરોપી : જયંતીભાઈ નાનુભાઈ કોળી પટેલ,

રહે. માલવણ, વાઘલાસા ફળીયુ, તા.જી.વલસાડ

---

**ગુનો: ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ (એ)(ઈ) મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.આર.ત્રિવેદી

આરોપી પક્ષ તરફે : વિ.વકીલ શ્રી આર.એમ.રાણા...

---

**– : ચુકાદો :–**

(૦૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ–૨૮/૦૯/૨૦૨૦ કલાક–૧૨/૩૦ વાગ્યે મોજે. કોલક સાકરીકાંઠા ખુલ્લા મેદાનમાં, તા.પારડી, જી.વલસાડ

ખાતે પોતાની પાસેની કાપડની થેલીમાં ભારતીય બનાવટની ૮ પી.એમ. પાઉચ બ્લ્યુ ડિલક્ષ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. વાળી સીલબંધ દમણ બનાવટના પાઉચ નંગ–૧૪૦ કુલ્લે કિં.રૂા. ૧ ૭,૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે રાખી પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ) મુજબના ગુના સબબના તહોમત માટે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૦૨) ત્યાર બાદ, હાલના કામના આરોપી સામે કેસની સુનાવણી માટે પ્રોસેસ કાઢવામા આવેલ છે અને તે પ્રોસેસની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યાર બાદ સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપેલ છે, જેની ખાતરી આરોપીએ પોતાના આંક–૦૬ ના નિવેદનમાં આપેલ છે. સદર કામે આંક–૦૫ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીએ તેના આંક–૦૬ ના નિવેદનમાં પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા સદર કેસ સંબંધે તેઓની સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષને પોતાના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

(૦૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે પોતાના કેસની હકીકતના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| અનુ | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૦૧ | ૧૧ | (પંચ) રમેશભાઈ ગંગારામ પટેલનાઓની સોગંદ ઉપરની જુબાની |
| ૦૨ | ૧૮ | (ત.ક.અ.) અનિલભાઈ દતારામ રાજાણેનાઓની સોગંદ ઉપરની જુબાની |
| ૦૩ | ૨૦ | (પંચ) કલ્પેશભાઈ શૈલેષભાઈ પટેલનાઓની સોગંદ ઉપરની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવા :-</u>**

| અનુ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૨ | મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાની નકલ |
| ૦૨ | ૧૯ | ફરીયાદની નકલ |

(૦૪) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં હાલના કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૦૫) ત્યારબાદ હાલના કામે ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ રજુ પુરાવો ધ્યાને લેતાં ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ સોગંદ પર જુબાની આપવાનો, બચાવના સાક્ષીઓ તપાસવાનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. જેથી હાલના કામને દલીલના તબક્કે લેવામાં આવેલ છે.

(૦૬) સદર કામે ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૪ મુજબ પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારું ગેરકાયદેસર રીતે પાસ

પરમીટ નહી હોવા છતા પણ વેચાણ સારું ભારતીય બનાવટનો વિદેશી દારૂ પોતાના કબ્જામા રાખેલ હોય સમાજમાં ઉદાહરણરૂપ દાખલો બેસે તેવી સજા કરવા માટે ભારપૂર્વક રજુઆત કરેલ છે. જ્યારે આરોપી પક્ષે વિ.વ.શ્રી.એ દલીલ કરેલ છે કે આ કામે પંચોને સમજ આપીને પંચનામુ કર્યું હોવાનું રેકર્ડ પર નથી તેમજ પંચોએ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી. ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ના હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૦૭) ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુ દ્દા//**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ–૨૮/૦૯/૨૦૨૦ કલાક–૧૨/૩૦ વાગ્યે મોજે. કોલક સાકરીકાંઠા ખુલ્લા મેદાનમાં, તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાની પાસેની કાપડની થેલીમાં ભારતીય બનાવટની ૮ પી.એમ. પાઉચ બ્લ્યુ ડિલક્ષ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. વાળી સીલબંધ દમણ બનાવટના પાઉચ નંગ–૧૪૦ કુલ્લે કિં.રૂા. ૧૭,૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે રાખી પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ

(૦૯) ઉપરોક્ત નિર્ણયોના મારા કારણો, અવલોકનો તથા તારણો નીચે મુજબ છે.

## <u>// કારણો //</u>

**મુદ્દા નં.૧ :–**

(૧૦) હાલના કામે ફરીયાદ પક્ષે **આંક–૧૮** થી ત.ક.અ. અનિલભાઈ દતારામ રાજાણેનાઓને તપાસેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ ફરીયાદ પક્ષના કેસને અનુરૂપ જુબાની અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે, પરંતુ પોલીસ સાહેદો દ્વારા આ ગુના પકડવા માટે ડ્રાઈવ કાઢવામાં આવતી હોય તો તેવા સંજોગોમાં પોલીસ સાહેદ એ સ્વતંત્ર સાહેદો રહેતા નથી અને તેથી તેમની જુબાની ઉપર આધાર રાખી આરોપીને ગુના માટે તકસીરવાન ઠરાવવાથી આરોપીને ગંભીર અન્યાય થવાની સંભાવના રહેલ છે.

(૧૦.૧) વધુમાં સદર કામે ત.ક.અ. નાઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. બનાવવાળો વિસ્તાર જાહેર વસ્તીવાળો વિસ્તાર છે.

(૧૧) હાલના કામે આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થવા માટે **આંક–૧૧** તથા **આંક–૨૦** થી રજુ પંચ સાહેદોની જુબાની ખુબજ મહત્વ ધરાવે છે કારણ કે, તેઓ હાલના કેસની હકીકતો અંગેના સ્વતંત્ર સાહેદો છે, પરંતુ હાલના કામે તેઓની જુબાની

વંચાણે લેવામાં આવે તો, તેઓ હાલના કામે **આંક–૧૨** થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી સિવાય પંચનામામાં રહેલ કોઈ હકીકતોને સમર્થન આપતી જુબાની તેઓએ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી. વધુમાં પોલીસ સાહેદો એ સરકાર તરફે હિત ધરાવનાર સાહેદો છે. જેથી પોલીસ સાહેદોની જુબાનીને સમર્થનકારક પુરાવો રેકર્ડ પર આવવો જરૂરી છે. જ્યારે હાલના કામે જોવામાં આવે તો ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની જુબાનીને પંચ સાહેદોની જુબાનીથી બિલકુલ સમર્થન પ્રાપ્ત થયેલ નથી તેમજ હાલના કામે પંચ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

(૧૨) ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનુ અવલોકન અને મુલ્યાંકન કરતા, આ કામે તપાસવામાં આવેલ ત.ક.અ. દ્વારા ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શકે તેમ હોવા છતાં ફરીયાદી દ્વારા રેડીંગ પાર્ટીના પોલીસ સાહેદો સીવાય કોઈના નીવેદન સદર કામે લીધેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં, કે ચાર્જશીટમાં જણાવેલ નથી, જે સ્વતંત્ર પંચસાહેદને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદો ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદ પક્ષે તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ આ સાહેદોની જુબાની દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ

નથી. આમ આ કામે જ્યારે પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદપક્ષ તરફે આરોપીના કબ્જામાથી પ્રોહીબીટેડ મુદ્દામાલ કબજે કરેલ હોવાની તેમજ આરોપીની અટક કર્યા અંગેના પંચનામાની હકિકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને તે સીવાય જ્યારે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે આરોપીના કબ્જામાથી પ્રોહીબીટેડ મુદ્દામાલ મળી આવેલ હોય, કબજે કરેલ હોય તે હકીકત અંગે ગંભીર શંકા ઉત્પન્ન થાય છે. આ સંદર્ભે **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ પટેલ**નો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે જ્યારે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં **નામદાર સુપ્રીમકોર્ટના હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજ્ય, અપીલ (ક્રીમીનલ) ૯૫૭/૧૯૯૮** નો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહી તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ ન હોય તેમજ અન્ય કોઈ તથ્યથી ફરીયાદને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. હાલના કામે પણ બનાવવાળુ સ્થળ વસ્તીવાળુ સ્થળ છે અને ત્યાં સ્વતંત્ર સાહેદો મળી શકે એ સ્વભાવિક છે તેમ છતાં તેઓના નિવેદનો લેવામાં

આવેલ નથી કે ન લેવા અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી સદર ચુકાદો આરોપીને મદદરૂપ થાય છે.

(૧૩) વધુમા હાથ પરના કેસમા સ્વતંત્ર કહેવાય એવા પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તે સીવાયના જે સાહેદો છે તે તમામ પોલીસ સાહેદો છે. આ સંદર્ભે **નામ. સર્વોચ્ચ અદાલતના Bhagwansingh v/s The State of Rajasthan,AIR 1976 Supreme Court,985** ના ચુકાદામા નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે તે મુજબ જ્યારે પુરો કેસ પોલીસ સાહેદોની જુબાની પર આધારીત હોય અને સંજોગો શંકા પ્રેરીત હોય ત્યારે એવા સંજોગોમા શંકાનો લાભ આરોપીને મળે. હાથ પરના કેસમા ત.ક.અ. દ્રારા ફરીયાદપક્ષના કેસ મુજબ સ્વતંત્ર ગણાય એવા પંચ સાહેદોની હાજરીમા મુદામાલ કબજે કરેલાનુ જણાવવામા આવેલ છે, જ્યારે પંચોએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમા સ્વત્રંત સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા તેઓના નિવેદનો લેવામા આવેલ ન હોય તેવા સંજોગોમા જ્યારે ફરીયાદ પક્ષનો કેસ માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધારીત હોય કે જેઓ ફરીયાદ પક્ષે હીત ધરાવનાર સરકારી સાહેદો હોય માત્ર તેઓના પુરાવાને આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી એવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે.

(૧૪) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યક્તિને સાહેદ તરીકે તપાસના કામે

તપાસી શક્યા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શક્યા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે.

(૧૫) ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ આરોપી મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીને મળવા પાત્ર હોય, ઉપરોક્ત મુદ્દા નં.૧ નો જવાબ "નકાર"માં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**/ / હુકમ / /**

(૦૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(એ)(ઈ) મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૩) આ કામના આરોપી દ્વારા અગાઉ રજુ કરેલ જામીન અપીલ સમય સુધી અસ્તિત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૭મી, માહે: જુલાઇ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૭/૨૦૨૬
પારડી.

(કુ. ધ્રુવી ધનવંતકુમાર પડિઆ)
પ્રિન્સી.જ્યુડિ.મેજી.ફ.ક.પારડી
તા.પારડી જી.વલસાડ.
(જજ કોડ નં. જી જે ૦૧૬૬૭)